ધોરણ – 5 : ગુજરાતી  પ્રથમ સત્ર ત્રિમાસિક કસોટી – 2026-27

**શાળાનું નામ :** **કુલ ગુણ : 40** **સમય : 2 કલાક**

**વિદ્યાર્થીનું નામ :** ______________________ **રોલ નંબર :** ___________ **તારીખ :** ___________

---

પ્રશ્ન–1 : નીચેના ફકરાને આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો. (5)

મનોજ નામનો એક છોકરો હતો. તે રોજ શાળાએ જતો અને ખંતથી અભ્યાસ કરતો હતો. એક દિવસ શાળાએથી ઘરે જતી વખતે તેને રસ્તામાં એક પાકીટ મળ્યું. પાકીટમાં ઘણા પૈસા તથા કેટલાક મહત્વના દસ્તાવેજો હતા. મનોજે આ વાત તેની મમ્મીને કરી. મમ્મીએ તેને સમજાવ્યું કે આ પાકીટ કોઈ નોકરીયાત વ્યક્તિનું હશે અને તે ગુમાવવાથી તેને ઘણી મુશ્કેલી પડશે. મનોજે પાકીટમાં રહેલા ઓળખપત્ર પરથી માલિકનું સરનામું શોધ્યું અને પાકીટ પરત આપવા તેના ઘરે ગયો. માલિકે મનોજનો આભાર માન્યો અને ઇનામ આપવાનું કહ્યું, પરંતુ મનોજે નમ્રતાપૂર્વક ઇનામ લેવાની ના પાડી અને કહ્યું કે, "મેં તો માત્ર મારી ફરજ બજાવી છે."

**1. મનોજ વિશે કયું વાક્ય યોગ્ય છે?**

A. મનોજ ધનવાન હતો. B. મનોજ પ્રામાણિક હતો.
C. મનોજ ખેતી કરતો હતો. D. મનોજ શાળાએ જતો નહોતો.

**2. આ ઘટનામાંથી મુખ્ય સંદેશ કયો મળે છે?**

A. શાળાએ ન જવું. B. બીજાને મદદ કરવી.
C. મળેલી વસ્તુ પરત કરવી. D. ભણવાનું છોડી દેવું.

**3. મનોજની જગ્યાએ તમે હોત તો શું કરત?**

A. કંઈ ન કરત. B. વસ્તુ પરત ન કરત.
C. મદદ કરત. D. પાકીટ પરત આપી દેત.

**4. પાકીટના માલિકની ઓળખ શાના પરથી થઈ?**

A. સીસીટીવીની મદદથી. B. ઓળખપત્ર પરથી.
C. પોલીસની મદદથી. D. શાળાના આચાર્યની મદદથી.


**5. નોકરી કરનાર વ્યક્તિ માટે કયો શબ્દ વપરાયો છે?**

A. મહેનતુ B. પ્રામાણિક
C. નોકરીયાત D. માલિક

**અધ્યયન નિષ્પત્તિ : G5.3.4 – વિવિધ પ્રકારની ગદ્ય-પદ્ય સામગ્રીમાંથી સામગ્રીનું વિશ્લેષણ કરે છે.**

પ્રશ્ન–2 : આપેલા પોસ્ટર/માહિતીને આધારે પ્રશ્નોના જવાબ આપો. (5)

**પોસ્ટર :**



સલામત સવારી, એસ.ટી. અમારી

છોટાભીમ ડેપો – આનંદપુર ડિવિઝન

| | | |
|---|---|---|
| નં. | : | 054824 |
| તારીખ | : | 20/3/2022 |
| સમય | : | 14:39:10 |
| મુસાફરોની સંખ્યા | : | 2 |
| મુસાફરી | : | ઢોલકપુરથી અમદાવાદ |
| ટિકિટની રકમ | : | ₹176 |
| કુલ અંતર | : | 303 કિમી |
| કુલ રૂપિયા | : | ₹352 |

**1. ટિકિટ પર દર્શાવેલ સમય 14:39:10 ઘડિયાળ મુજબ કેવી રીતે લખી શકાય?**

A. સવારે 02:39:10 B. સાંજના 04:39:10
C. બપોરના 02:39:10 D. રાત્રિના 10:39:10

**2. ટિકિટ મુજબ મુસાફરી કયા રૂટ પર થઈ રહી છે?**

A. અમદાવાદથી આનંદપુર B. અમદાવાદથી ઢોલકપુર
C. આનંદપુરથી અમદાવાદ D. ઢોલકપુરથી અમદાવાદ

**3. ટિકિટ મુજબ મુસાફરી કયા વર્ષના કયા મહિનામાં થઈ છે?**
A. ડિસેમ્બર 2022 B. જૂન 2022
C. સપ્ટેમ્બર 2022 D. માર્ચ 2022

**4. આ ટિકિટથી કેટલા મુસાફરોએ મુસાફરી કરી?**
A. પાંચ B. બે C. ત્રણ D. ચાર

**5. ટિકિટમાં મુસાફર માટે કયો શુભેચ્છા સંદેશ આપવામાં આવ્યો છે?**
A. હાથ ઊંચો કરો અને બસમાં બેસો. B. સલામત સવારી, એસ.ટી. અમારી.
C. આનંદમયી મુસાફરી. D. આપની યાત્રા શુભ રહે.

**અધ્યયન નિષ્પત્તિ : G5.3.4 – વિવિધ પ્રકારની ગદ્ય-પદ્ય તથા પ્રકીર્ણ સામગ્રીમાંથી માહિતીનું વિશ્લેષણ કરે છે.**

પ્રશ્ન–3 : નીચેના ચિત્રોમાંથી કોઈ એક ચિત્રનું 7 થી 8 વાક્યોમાં વર્ણન કરો. (5)




.................................................................................................................................
.................................................................................................................................
.................................................................................................................................
.................................................................................................................................
.................................................................................................................................
.................................................................................................................................
.................................................................................................................................

**અધ્યયન નિષ્પત્તિ : G5.4.8 – ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યોમાં લખે છે.**

પ્રશ્ન–4 : નીચેના વિષયોમાંથી કોઈ એક વિષય પર 7 થી 8 વાક્યો લખો. (5)

1. તમારા વર્ગખંડની સંભાળ કેવી રીતે રાખો છો? (૨)તમે પાણીનો સદુપયોગ કેવી રીતે કરો છો?

.................................................................................................................
.................................................................................................................
.................................................................................................................
.................................................................................................................
.................................................................................................................
.................................................................................................................
.................................................................................................................

**અધ્યયન નિષ્પત્તિ : G5.4.11 – સામગ્રીને લગતી રજૂઆત કરવા માટે સ્થાનિક ભાષાનો સહજ ઉપયોગ કરે છે.**

**G5.9.7 – લેખનના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે.**

પ્રશ્ન–5 : નીચેની પરિસ્થિતિમાંથી કોઈ એક પરિસ્થિતિમાં તમે શું કરશો? 5 થી 7 વાક્યોમાં લખો. (5)

(૧)તમારી શાળાના બાગના છોડને પ્રાણીઓ/પશુઓથી બચાવવા તમે શું કરશો?
(૨) તમારા મમ્મી બીમાર છે તો તમે તેમને ઘરકામમાં કેવી રીતે મદદરૂપ થશો?

..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................

**અધ્યયન નિષ્પત્તિ : G5.9.7 – લેખનના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે.**

પ્રશ્ન–6 : માગ્યા મુજબ જવાબ આપો. (8)

(અ) ઉદાહરણ મુજબ આપેલા શબ્દમાંથી બનતા બીજા શબ્દો બનાવો. (કોઈ પણ બે) (2)

**ઉદાહરણ :** સરગાસણ – ગાર, સર, રણ, સગા

1. કમળકાકડી – ____________________________
2. માનસરોવર – ____________________________

**અધ્યયન નિષ્પત્તિ : G5.6.4 – શબ્દને રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે છે.**

(બ) આડાઅવળા થઈ ગયેલા શબ્દોને યોગ્ય રીતે ગોઠવી વાક્ય બનાવો. (કોઈ પણ બે) (2)

1. પાણીમાં તરે છે / માછલીઓ / રંગબેરંગી
   જવાબ: .................................................................................
2. રમવા / રવિવારે / અમે / જઈશું / બગીચામાં
   જવબ: .................................................................................

**અધ્યયન નિષ્પત્તિ : G5.6.3 – શબ્દપરિવર્તન કરી વાક્યરચનાઓ નીપજાવે છે.**

(ક) નીચેના શબ્દનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો. (કોઈ પણ બે) (2)

1. **વાટ** – રાહ, પ્રતીક્ષા
   .................................................................................
2. **ભાળવું** – દેખાવ, જોવું
   .................................................................................

**અધ્યયન નિષ્પત્તિ : G5.6.3 – શબ્દપરિવર્તન કરી વાક્યરચનાઓ નીપજાવે છે.**

(ડ) વિચાર કરો અને વાક્યો પૂરા કરો. (કોઈ પણ બે) (2)

1. મારી પાસે આકાશમાં ઊડતી કાર હોય તો ____________________________
2. મને અદૃશ્ય થવાની શક્તિ મળી જાય તો ____________________________

**અધ્યયન નિષ્પત્તિ : G5.5.9 – ઘટના/પ્રસંગ/વાર્તાની પછીની ઘટના અંગે અનુમાન/કલ્પના કરે છે.**

પ્રશ્ન–7 : માગ્યા મુજબ જવાબ લખો. (7)

(અ) વાક્યોમાંના ખોટા શબ્દો સુધારી વાક્ય ફરીથી લખો. (કોઈ પણ બે) (2)

1. ફૂલ ઉપર ગુલાબી પતંગિયું બેઠું હતું.

   ..........................................................................................

2. મમ્મીએ સ્વાદિષ્ટ રસોઈ બનાવ્યો.

   ..........................................................................................

**અધ્યયન નિષ્પત્તિ : G5.5.8 – સામગ્રીમાંથી ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી સામગ્રીનું સંપાદન કરે છે.**

## (બ) યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો. (કોઈ પણ બે) (2)

1. ________ મને કવિતા સંભળાવી. *(તેણે / હું / કોની / કોણ)*
2. રમેશ ________ સૌથી મોટો દીકરો છે. *(તેમનો / તેની / મારું / શી)*

**અધ્યયન નિષ્પત્તિ : G5.5.1 – સર્વનામ, વિશેષણનો ઉપયોગ કરે છે.**

## (ક) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (કોઈ પણ એક) (1)

1. ________ કેરી *(સડેલા, સડેલી, સડેલું, સડેલો)*

**અધ્યયન નિષ્પત્તિ : G5.3.4 – સમજણભેદ ન થાય તે રીતે યોગ્ય વ્યાકરણ અને વાક્યરચનાનો ઉપયોગ કરે છે.**

## (ડ) પ્રશ્નવાચક શબ્દ જોઈને સાચો વિકલ્પ પસંદ કરો. (કોઈ પણ બે) (2)

**1.** ‘પપ્પા રસોડામાં રસોઈ બનાવે છે.’ વાક્યમાં **‘રસોડામાં’** જવાબ મળે તે માટે કયો પ્રશ્ન પૂછશો?

A. કોણ રસોઈ બનાવે છે?
B. પપ્પા ક્યાં રસોઈ બનાવે છે?
C. પપ્પા ક્યારે રસોઈ બનાવે છે?
D. પપ્પા શું બનાવે છે?

**2.** ‘ફૂલદાનીમાં સાત ફૂલ છે.’ વાક્યમાં **‘સાત’** જવાબ મળે તે માટે કયો પ્રશ્નવાચક શબ્દ વપરાશે?

A. ક્યાં
B. કેમ
C. કેટલાં
D. ક્યારે

**અધ્યયન નિષ્પત્તિ : G5.5.8 – ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી સંપાદન કરે છે.**